સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ,યુનિવર્સિટી રોડ,
રાજકોટ – ૩૬૦ ૦૦૫
Re-Accredited Grade A by NAAC

નં. એસ.સી.-એસ.ટી. સેલ/૩૨/૨૦૨૦ તા.૧૩/૦૭/૨૦૨૦

વિષય :- પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિની દરખાસ્તો કોલેજ લેવલે મંજુર કરવા પાત્ર પેન્ડીંગ રહેલ દરખાસ્ત બાબત.

સંદર્ભ :- જિલ્લા નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ) ની કચેરીના તા.૦૪-૦૭-૨૦૨૦ ના પત્ર ક્રમાંક:નં.નાં.નિ./વિ.જા/૨૦-૨૧/ ૩૨૩૬

## પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સલંગ્ન રાજકોટ જિલ્લાની કોલેજોના આચાર્યશ્રીઓ,માન્ય સંસ્થાઓના વડાઓ તથા યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને જણાવવામાં આવે છે કે,શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા માટે જે વિદ્યાર્થીઓનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હતું કે કોઈ વિદ્યાર્થીની દરખાસ્ત કરવાની રહી ગયેલ તેવા વિદ્યાર્થીઓ માટે ફરી પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે. વિદ્યાર્થી દ્વારા ઓનલાઈન અરજીઓ શાળા/કોલેજો ના લોગઈનમાં જે મંજુર કરવા પાત્ર દરખાસ્તો પેન્ડિંગ છે તે તમામ દરખાસ્તો સત્વરે શાળા/કોલેજ કક્ષાએથી પુનઃ ચકાસણી કરી સિસ્ટમમાં સત્વરે આગળ ફોરવર્ડ કરવાની રહે છે જે તમામ અરજીઓ માટે પોર્ટલ ૨૦/૦૭/૨૦૨૦ સુધી ચાલુ રાખવામાં આવે છે.જે અંગે આ સાથે સામેલ પત્રક મુજબ કાર્યવાહી થવા વિનંતી છે.

નાયબ કુલસચિવ

બિડાણ :
સંદર્ભિત પરિપત્રની નકલ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન રાજકોટ જિલ્લાની સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ
(૨) માન્ય સંસ્થાઓના વડાઓ.(રાજકોટ જિલ્લો)
(૩) યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓ

નકલ સાદર રવાના :
માન. કુલપતિશ્રી/ માન. ઉપકુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

નકલ રવાના જાણ અર્થે :
(૧) જોડાણ વિભાગ
(૨) પી. જી. વિભાગ
(૩) આંકડા સેલ
(૪) કોમ્પ્યુટર સેન્ટર (વેબસાઇટ પર પ્રસિધ્ધિ અર્થે.)

SC-ST CeLL
Inward No. 106
Date : 13-7-2020
13 JUL
Sau. Uni. Rajkot

નં.નાં.નિ./વિ.જા/૨૦-૨૧/ 3236
**જરૂરી**

જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) નીકચેરી,
૭/૩, જિલ્લા સેવા સદન-૨,
રાજકોટ. તાઃ૦૪/૦૭/૨૦૨૦
ફોનઃ ૦૨૮૧-૨૪૪૭૩૬૨

પ્રતિ,
(૧) રજીસ્ટ્રારશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ.
(૨) રજીસ્ટ્રારશ્રી મારવાડી યુનિવર્સિટી રાજકોટ.
(૩) રજીસ્ટ્રારશ્રી આર.કે. યુનિવર્સિટી રાજકોટ.
(૪) રજીસ્ટ્રારશ્રી આત્મીય યુનિવર્સિટી રાજકોટ.
(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ

**વિષયઃ- વર્ષઃ૨૦૧૯-૨૦ની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજનાની શાળા/કોલેજ લેવલે મંજુર કરવા પાત્ર પડતર દરખાસ્તો મોકલવા બાબત.**

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ Digital Gujarat Portal અંતર્ગત પોસ્ટમેટ્રીક શિષ્યવૃતી વર્ષઃ૨૦૧૯-૨૦ ની શાળા/કોલેજ લેવલે બાકી રહેલ દરખાસ્તોની કામગીરી પુર્ણ કરવાની થાય છે. ઉચ્ચ માધ્યમિક શાળાઓ/ કોલેજો એટલે કે, ઉચ્ચ માધ્યમિક શાળાઓની Digital Gujarat Portalની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ શાળા/કોલેજ લેવલે બાકી દરખાસ્તો કે જે શાળા/કોલેજ લેવલે લોગઇનમાં પડતર છે તેનો સત્વરે સિસ્ટમમાં આગળ ફોરવર્ડ કરવા જરૂરી સુચના આપવા વિનંતી.

વિશેષમાં જણાવવાનું કે, **વર્ષઃ૨૦૧૯-૨૦** માં જે વિધાર્થીઓનુ ફોર્મ ભરવાનુ રહી ગયેલ હતું કે શરત ચુકથી બંધ થયેલ ગયેલ હતુ કે કોઇ વિધાર્થીની દરખાસ્ત કરવાની રહી ગયેલ હતી તેવા વિધાર્થી માટે ફરિ પોર્ટલ ચાલુ કરવામાં આવેલ છે **( તા. ૨૦/૦૭/૨૦૨૦ સુધી )**. શાળા/કોલેજના લોગઇનમાં જે મંજુર કરવા પાત્ર દરખાસ્તો પેન્ડીંગ છે તે તમામ દરખાસ્તો સત્વરે શાળા/કોલેજ કક્ષાએથી દરખાસ્તની પુનઃ ચકાસણી કરી સિસ્ટમમાં સત્વરે આગળ ફોરવર્ડ કરાવવાની રહે છે. રાજ્ય સરકારશ્રીમાંથી સદરહું બાબતે બાકી રહેલ વિધાર્થીઓની શાળા/કોલેજ ના લોગઇનમાં પેન્ડીંગ રહેલ તમામ દરખાસ્તોને સત્વરે ફોરવર્ડ કરી મોકલી આપવાની રહેશે. જેથી કોઇ વિધાર્થીઓ શિષ્યવૃતીથી વંચિત ન રહે શાળા/કોલેજ લેવલે પેન્ડીગ રહી જવાના કારણે જો કોઇ વિધાર્થીઓ શિષ્યવૃતીથી વંચિત રહેશે તે અંગેની જવાબદારી સંબંધિત શાળા/કોલેજના વડાની રહેશે. આપના તાબા હેઠળની રાજકોટ જિલ્લાની માધ્યમિક શાળાઓ અને કોલેજો આપની કક્ષાએથી જરૂરી સુચના ઇ-મેઇલથી આપવા અને આગામી મિટીંગના રિવ્યુ એજન્ડામાં સદર બાબતને સમાવવા વિનંતી છે.

**જિલ્લા નાયબ નિયામક**
**વિકસતિ જાતિ, રાજકોટ**

**નકલ સવિનય રવાનાઃ-**
(૧) નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

General Section
Inward No. 858
Date : 11 JUN 2020
Sau. Uni. Rajkot

D:\r.c.patel\Digital Gujarat\for.docx